# ગુજરાત જાહેર સેવા આયોગ

## <u>જાહેર સૂચના</u>

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા , વર્ગ-1 અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-1 અને વર્ગ-2 તથા ગુજરાત નગરપાલિકાના મુખ્ય અધિકારી, વર્ગ-2 (જા.ક્ર. 40/2018-19) ની જગ્યાઓ પર ભરતી માટેનુ આખરી પરીણામ તા . 04-07-2019 ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

ઉપરોકત પરીક્ષાની પ્રાથમિક કસોટીમાં શ્રી ભાવિક જંયતિલાલ અડીએચાએ ઉમેદવારી નોંધાવેલ હતી, પરંતુ પ્રાથમિક કસોટીમાં ઉપસ્થિત રહ્યા ન હતા. આમ, પરીક્ષાના આગળના કોઇપણ તબક્કા માટે તેઓ લાયકાત ધરાવતા ન હતા. આમ છતાં, શ્રી ભાવિક જંયતિલાલ અડીએચાએ આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ આખરી પરીણામમાં સફળ ઉમેદવારના બેઠકક્રમાંક સામે દર્શાવેલ નામમાં ચેડાં (Tempering/ Morphing) કરી પોતાનુ નામ દર્શાવતી પરિણામની નકલ રજૂ કરી પોતે સફળ ઉમેદવાર હોવાનો દાવો કરીને આયોગને ગેરમાર્ગે દોરવાની કોશિશ કરેલ તેમજ પોતાની ઉમેદવારી બાબતે સંપૂર્ણ માહિતી હોવા છતાં ખોટો દાવો રજૂ કરવાનુ કૃત્ય કરી ગેરરીતિ આચરેલ છે. સરદહુ ઉમેદવારે પોતાના વિસ્તારના સ્થાનિક અખબાર પત્રિકાઓમાં પણ પોતાની ખોટી સફળતાનો પ્રચાર-પ્રસાર કરેલ તથા ખોટો ભ્રમ ફેલાવવાનો પ્રયત્ન કરેલ. બાબતની સંપૂર્ણ તપાસ બાદ આયોગે આ બાબતે સખત વલણ અપનાવી **<u>શ્રી ભાવિક જંયતિલાલ અડીએચા સામે પોલીસ ફરિયાદ/ફોજદારી કાર્યવાહી કરવાનો નિર્ણય કરેલ છે તથા આયોગ દ્વારા યોજવામાં આવતી તમામ ભરતી પરીક્ષાઓ માટે કાયમી ધોરણે ગેરલાયક ઠેરવવાની શિક્ષા કરેલ છે.</u>**

તા. 12.03.2020

Follow Us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC(Official)